# વડીલોને માન આપવાના સંસ્કાર શું આપણે ભુલી ગયા છીએ ??

## આજે ''વર્લ્ડ એલ્ડર એબ્યુઝ ડે'' એટલે કે ''વડીલો સાથે થતા દુર્વ્યવહાર સામે જાગૃતિનો દિવસ છે'' આ પ્રસંગે ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકો વડીલોના સન્માન બાબતે સમાજની શું સ્થિતિ છે તે અંગે વાત કરે છે

ગાંધીનગર, તા. ૧૪

આપણી સંસ્કૃતિમાં માતા-પિતા સહિત માત્ર પરિવારના જ નહી પરંતુ સમાજના દરેક વડીલો સન્માનને પાત્ર ગણવામાં આવ્યા છે, પૂજનીય ગણવામાં આવ્યાં છે. આમ છતાં રોજીંદા જીવનમાં જો નજર કરીએ તો એવું પ્રતિત થઈ રહ્યું છે કે નવી પેઢી વડીલોને આપવું જોઈએ તેટલું સન્માન આપતી નથી. અનેક પરિવારોમાં તો વડિલોને તેમના સંતાનો દ્વારા જ દુર્વ્યવહારના ભોગ બનવું પડે છે અને સમાજના વૃદ્ધાશ્રમોની સંખ્યા તથા તેમાં આશ્રય લેવા આવતા વડીલોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. જ્યારે પોતાના સંતાનો જ ઘરના વડીલોનું સન્માન જાળવી શકતા ના હોય ત્યાં પારકા વ્યક્તિઓ પાસે કેવી અપેક્ષા રાખવી ? આપણે ત્યાં બસમાં, બેંકોમાં, પોષ્ટ ઓફિસમાં, બગીચામાં કે રસ્તે ચાલતા વડિલોની ઉપેક્ષા કે અપમાન કરવાના કિસ્સા છાશવારે જોવા મળે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તા. ૧૫મી જૂનને 'વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે'' તરીકે એટલે કે 'વડીલો સાથે થતાં દુર્વ્યવહાર સામે જાગૃતિ દિવસ'' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગાંધીનગર સમાચાર દ્વારા શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણી વડીલો સાથે વાત કરી આ સંદર્ભે તેમના વિચાર જાણવા પ્રયાસ કરવામાં આવ્યો છે જે અત્રે પ્રસ્તુત છે.

●●●



''આજે રસ્તા પર ભારે ઘોંઘાટ કરતા બાઈક લઈને નીકળી પડતા યુવાનો ઘણીવાર રસ્તો ક્રોસ કરી રહેલા વડીલોને ભય પેદા થાય તે રીતે બાઈક તેમની નજીકથી કે રોંગ સાઈડથી હંકારે અને પાછા વડિલને ''એ ડોહા જોતો નથી ?'' જેવી અપમાનયુક્ત ભાષામાં ખખડાવે તેવા બનાવો વારંવાર જોવા મળે છે. આપણે પરદેશમાં વડિલોને કેટલું સન્માન મળે છે તેની વાતો ઘણી કરીએ છીએ પરંતુ આપણા સંતાનોને તે સંસ્કાર આપતા નથી. દરેક વડીલનું સન્માન જાળવે તેવા સંસ્કાર યુવાપેઢીને આપવા જરૂરી છે. વળી, દેશભરમાં સિનિયરસિટીઝન્સનું સન્માન થાય તેવું વાતાવરણ કેળવાવુ જોઈએ અને તેની શરૂઆત એક સંસ્કારી નગરી હોવાને નાતે તથા સૌથી વધુ યુનિવર્સિટી હોવાને કારણે મોટી સંખ્યામાં યુવા વર્ગ ધરાવતા ગાંધીનગરથી થવી જોઈએ.''

**- અરૂણ બુચ, પ્રમુખ, શહેર વસાહત મહામંડળ**

●●●



''વૈશ્વિક કક્ષાએ પ્રૌઢ અને વડીલ વયના વયસ્ક નાગરિકોનો સમુદાય સતતપણે વિસ્તરી-વધી રહ્યો છે. વર્તમાન સમયમાં વયસ્ક વડીલોના મનો-શારીરિક, સામાજિક, લાગણીકીય અને નાણાંકીય શોષણની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. વયસ્ક વ્યક્તિના માનવ અધિકારોનું રક્ષણ કરવું એ આપણી સૌની નૈતિક જવાબદારી છે. આજના 'ઈન્ટરનેશનલ એલ્ડર એબ્યુઝ ડે'' નિમિત્તે આપણી આજુબાજુના કુટુંબ, વિસ્તાર અને સંસ્થાઓમાં વસતા વડીલોના-વૃદ્ધોના શોષણને અટકાવીએ અને તેના વિરૂદ્ધ જાગૃત બનીએ.''

**- દીપક તેરૈયા ''ઉદ્દીપક''**

●●●



''આપણા કુટુંબની, પરિવારની, સમાજની અને જીવનની સૌથી મોટી શોભા એ વડીલો છે. પરંતુ આજે આ આપણા સર્જનનું મુળ કે જેમના ત્યાગ અને બલિદાનના કારણે આપણે ઉભા છીએ એ ક્યાંક ભુલાતુ જાય છે, વિસરાતું જાય છે ત્યારે આવો આજના દિવસે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે માતૃ દેવો ભવઃ, પિતૃ દેવો ભવઃ ના સિદ્ધાંત ઉપર ઉભેલી આપણી સૌથી પ્રાચીન સંસ્કૃતિના મૂલ્યોને પુનઃ ઉજાગર કરીએ.''

**- દિનેશભાઈ વ્યાસ, માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી, આનંદી માંનો વડલો વાનપ્રસ્થાશ્રમ**

●●●



''આ એક વિશિષ્ટ દિવસ છે, વૃદ્ધો-વરિષ્ઠો સાથે થતા દુર્વ્યવહાર સામે જાગૃતિનો દિવસ. વડીલોને માન આપવુ, પગે લાગવું, વંદન કરવા તે આપણને બાળપણથી શિખવાડવામાં આવે છે. છતાં આજના સમયમાં એવા દશ્યો જોવા મળે છે કે સાંભળવા-વાંચવા મળે છે જેમાં વડીલો સાથે શારીરિક, માનસિક, આર્થિક સામાજિક અથવા ભાવનાત્મક પ્રકારના દુર્વ્યવહાર કરવામાં આવે છે, વડીલોને ભીડ-ભાડમાં ધક્કે ચડાવવા કે 'નવરા' અથવા 'બિન ઉપયોગી' સમજવા તથા તેમની મજાક-મશ્કરી કરવામાં આવે છે. ત્યારે દરેકે એ યાદ રાખવાની જરૂર છે કે પોતે પણ ક્યારેક આ ભૂમિકાએ પહોંચવાનુ છે, માટે તેમને યોગ્ય સન્માન આપવું એ સૌની ફરજ છે.''

**- પ્રજ્ઞાબેન પટેલ, નિવૃત સરકારી અધિકારી અને સાહિત્યકાર**

●●●



''વિશ્વમાં વડીલો સાથે દુર્વ્યવહાર દાખવવામાં આવે છે. આપણી સંસ્કૃતિ શ્રવણના સંસ્કારોની સંસ્કૃતિ છે. ભૂતકાળમાં કોઈ પ્રસંગ વડીલો સાથે દુર્વ્યવહારનો નથી, સન્માન જ દાખવવાના પ્રસંગો છે. જ્યારે આજના સમયમાં સંતાનો પાશ્ચાર્ય સંસ્કૃતિ તરફ દોરવાયા છે, ભૌતિક સંપતિ સાથે એટેચ છે, નાણાં કમાવવા, નકારાત્મકતામાં રચ્યાં-પચ્યા રહેતા હોઈ ક્યાંક દુર્વ્યવહાર જણાય છે. વડીલોએ સૌજન્યતા દાખવી, સંતાનોને ઉપયોગી બનવા પ્રયત્ન કરવો, ના છુટકે જ કાયદાકીય કાર્ય હાથ ધરવું.''

**- જયરામ સોની, પેરા લીગલ વોલીન્ટિયર**

●●●

''વર્લ્ડ એલ્ડ એબ્યુઝ અવેરનેસ ડે'' સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે પરંતુ ભારતમાં તેની ખાસ નોંધ લેવાતી નથી. મોટી ઉંમરની વ્યક્તિઓને ખાસ કરીને તેમના કુટુંબીજનો તરફથી જ પ્રતાડવામાં આવે છે. આપણે જો સજાગ રહીએ તો આવા વડીલની બોડી લેન્ગ્વેઝ, વર્તન અને શારીરિક નબળાઈને નજર સમક્ષ રાખીએ તો જાણ થઈ શકે. દુનિયામાં દર ૬ માંથી એક વયસ્ક વ્યક્તિ આ પ્રકારના ત્રાસથી પ્રતાડિત હોય છે. અન્ય દેશોમાં આ બાબતે જાગૃતતાના અનેક કાર્યક્રમો થાય છે. ભારતમાં પણ જાગૃતિની જરૂર છે જે માટે સોશ્યલ મિડિયા, પત્રકારો, સામાજિક કાર્યકરો, સામાજિક સંગઠ્નો કે જ્ઞાતિ-સમાજ આગળ આવે તો તે શક્ય બને.''



**- કિરીટકુમાર અગ્રાવત, નિવૃત સરકારી અધિકારી**

●●●



''ઘર કે સમાજના આભૂષણરૂપ વડીલોને સાંપ્રત સમયમાં ઘણી જગ્યાએ દુર્વ્યવહારના શિકાર બનવું પડે છે. શિક્ષિત અને સંસ્કારી હોવા છતાં કેટલાક લોકો વડીલોની વાતોને સમજી શકતા નથી અને તેમની લાગણીઓને જાણે અજાણ્યે દુભવે છે. બેંકો, સરકારી કચેરીઓ જેવી સંસ્થાઓમાં પણ તેઓને યોગ્ય માર્ગદર્શન ન મળતા અસહાય બની લાચાર પરિસ્થિતિનો સામનો કરતા જોવા મળે છે. શું આપણી ભારતીય સંસ્કૃતિમાં વંદનીય ગણાતા વૃદ્ધોને આપણે સહાયરૂપ ના બની શકીએ ?''

**- કુસુમબેન જોશી, યોગ શિક્ષિકા, આર્ટ ઓફ લિવીંગ**

●●●



''વડિલો પ્રત્યે દુર્વ્યવહાર થતા આપણે જોતા આવ્યાં છીએ. બાહ્ય સમાજમાં એકંદરે વડીલોને સારૂ માન મળે છે પણ ઘરમાં વડીલો દુર્વ્યવહારનો ભોગ બને છે તેનું કારણ વડીલો પોતે જ છે. ઉંમર વધે તેમ જીભ ટુંકી થવી જોઈએ, તે થતી નથી. ઘરની બધુ બાબતોમાં માથુ મારવાની ટેવ જતી નથી. જો વૃદ્ધો આ વાત સમજે, અમલમાં મુકે તો તેમનું ઘડપણ ચોક્કસ સુધરે.''

**- ડો. સોમભાઈ પટેલ, નિવૃત આચાર્ય તથા શિક્ષણવિદ્**

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# ધારીસણામાં આજે વધુ ૧૩ કેસ મળ્યા

## જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી પહેલાં રેપીડ રિસ્પોન્સ ટીમ ગામની મુલાકાતે પહોંચી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ખાતે આજે વધુ ૧૩ કેસ ઝાડા-ઉલ્ટીના મળી આવતાં આ રોગના દર્દીઓની સંખ્યા વધીને ૪૦ પર પહોંચી છે. જો કે બિનસત્તાવાર આંક ૭૦ને પાર કરી ગયો છે.

ધારીસણામાં ઝાડા-ઉલ્ટીના બનેલા કેસોના પગલે હરકતમાં આવેલા તંત્રએ આજે ત્યાં રેપીડ રિસ્પોન્સ ટીમને બોલાવી હતી અને આ ટીમે પણ પાણીજન્ય રોગચાળો હોવાનું તારણ આપ્યુ છે.

બીજી તરફ ધારીસણામાં આજે સરપંચ અને તલાટીને પણ તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે. આજે આ રોગચાળાના ત્રીજા દિવસે જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારીની ટીમ પણ ત્યાં પહોંચી હતી. જોકે તે પહેલાં રેપીડ રિસ્પોન્સ ટીમ પહોંચી હતી.

દહેગામના ધારીસણા ખાતે આરોગ્ય તંત્રની ટીમે પાંચ જેટલા લિકેજીસ શોધી કાઢ્યા હતા અને તે તમામનું રિપેરીંગ કામ પંચાયત દ્વારા પૂર્ણ કરવામાં આવ્યુ છે.

જિલ્લા વિકાસ અધિકારીએ પણ આજે ધારીસણાના કેસોને પગલે ઉભી થયેલી સ્થિતિની આરોગ્યના અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

ધારીસણામાં આજે ત્રીજા દિવસે પણ સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. લોકોને ક્લોરીનની ટીકડી તેમજ ઓ.આર.એસ.ના પેકેટ્સનું પણ વિતરણ કરી પાણી ઉકાળીને પીવાની સલાહ આપવામાં આવી હતી.

આ ગામમાં દર ત્રણ દિવસે પેયજળનો પુરવઠો આપવામાં આવતો હોવાની વિગતો પણ બહાર આવવા પામી છે જે આ રોગચાળાનું મુખ્ય કારણ હોવાનું મનાઈ રહ્યુ છે. તંત્ર દ્વારા પાણીના ક્લોરીનેશન પણ આજે ટેસ્ટ કરવામાં આવ્યુ હતુ. હાલ ગામમાં ક્લોરીનેશનવાળો પેયજળનો પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

## ગાંધીનગર, અમદાવાદ તથા આણંદમાં 'અલભ્ય રૂદ્રાક્ષનું અદ્વિતિય એક્ઝીબીશન'

અમદાવાદ, તા. ૧૪

વિશ્વપ્રસિદ્ધ સંસ્થા રૂદ્રલાઈફ, મુંબઈ દ્વારા અલભ્ય રૂદ્રાક્ષનું પ્રદર્શન કમ સેલનું આયોજન અમદાવાદ, ગાંધીનગર તથા આણંદમાં એક સાથે કરવામાં આવ્યું છે. રૂદ્રલાઈફ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૮૫૦થી પણ વધારે સફળ રૂદ્રાક્ષનું પ્રચાર અને પ્રસાર પ્રદર્શન થયેલુ છે. આ પ્રદર્શનમાં ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિદ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા જેન્યુઈન કલેક્ટર ૧ થી ૨૧ મુખી બીડ્સ તથા સ્ફટીકમાળાનું અદ્ભૂત કલેક્શન ઉપલબ્ધ રહેશે.

સૌ પ્રથમ વાર રૂદ્રલાઈફ દ્વારા ખાસ આકર્ષક કિંમતે રજુ કરવામાં આવી છે. ભારતભરમાં એકમાત્ર રૂદ્રલાઈફ સંસ્થા આઈએસઓ ૯૦૦૧-૨૦૧૫ લેબ ટેસ્ટેડ, સર્ટીફીકેટ સાથે રૂદ્રાક્ષ ઉપલબ્ધ કરાવે છે. આપના હેલ્થ પર્સનાલીટી તથા ગ્રોથ માટે તજજ્ઞ તનય સીઠાની નિષ્ણાત ટીમ દ્વારા રૂદ્રાક્ષ કોમ્બીનેશન અંગે માર્ગદર્શન મળશે. આપના જુના રૂદ્રાક્ષની ચકાસણી પણ વિના મુલ્યે કરી આપવામાં આવે છે. નિષ્ણાંત કારીગરો આપના કોમ્બીનેશન મુજબ સ્થળ ઉપર જ માળા બનાવી આપે છે. રૂદ્રાક્ષની પૂજા-અભિષેક એક્ઝીબેશન સ્થળ ઉપર જ કરવામાં આવે છે.

તા. ૧૪ થી ૧૭ જુન માત્ર ૪ દિવસ માટે જ સવારે ૧૦ થી રાત્રે ૮, અમદાવાદ : અનાય ગેલેરી, પુષ્પક કોમ્પલેક્ષ, આનંદનગર રોડ, પ્રહલાદનગર ગાર્ડન પાસે. મો. ૦૯૩૨૨૯૪૭૬૪૨ આણંદ : હોટલ સુરભી રેસીડેન્સી, જય ટાવર,અમુલ ડેરી રોડ. મો. ૦૯૯૮૭૨૮૫૭૨૨ ગાંધીનગર : પથીકઆશ્રમ, એસ.ટી. બસસ્ટેન્ડની પાસે, ઘ-૩ સર્કલ, સેક્ટર-૧૧. મો. ૦૯૩૨૨૭૯૧૨૧૮

રૂદ્રલાઈફ દ્વારા રૂદ્રાક્ષ થેરાપીના ઉપચારની પાંચ મેડીકલ પેટર્ન રજીસ્ટર્ડ કરાવવામાં આવેલી છે. નાસીક, ત્રંબકેશ્વર ખાતે ભારતનું સર્વ પ્રથમ રૂદ્રાક્ષ મ્યુઝીયમ રૂદ્રલાઈફ દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવી રહ્યુ છે. રૂદ્રાક્ષની સંપૂર્ણ માહિતીના ખજાના સમાન પુસ્તક 'પાવર ઓફ રૂદ્રાક્ષ' અંગ્રેજી અને હિન્દી ભાષામાં રૂદ્રલાઈફ દ્વારા રજુ કરાયેલ છે.

# પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ મંડળના આંદોલન કાર્યક્રમો મોકુફ

## ૩૧-૭-૧૯ સુધી તમામ પ્રશ્નોનો ઉકેલ લાવવાની ખાતરી આપતા મંડળ દ્વારા આંદોલનના કાર્યક્રમો સ્થગીત કરાયા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી-અધિકારી મંડળ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ ઝડપી ના આવતા મંડળ દ્વારા તા.૧૫ જુનના રોજ કાળા દિવસની ઉજવણી કરવાના હતા. જેમાં કાળા કપડા પહેરીને કર્મચારીઓ જિલ્લા અને તાલુકા કચેરી ખાતે સુત્રોચ્ચાર કરવાના હતા. પરંતુ તાજેતરમાં વહીવટી તંત્ર અને ઉચ્ચકક્ષાના અધિકારીઓની બેઠક મળી હતી. જેમાં અધિકારીઓએ-પા.પુ.બોર્ડના સભ્ય સચિવે તા.૩૧-૭-૧૯ સુધીમાં કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલની ખાતરી આપતા મંડળ દ્વારા કાર્યક્રમ તા.૧-૮-૧૯ સુધી સ્થગીત કરવાનો નિર્ણય લેવાયો છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કર્મચારી-અધિકારી મંડળ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો જેવા કે સાતમા પગાર પંચના તા.૧-૧-૧૬ થી તા.૩૧-૭-૧૮ સુધીના ૧૯ મહિનાના એરીયર્સનો લાભ, નાણા વિભાગના ઠરાવ મુજબ ૨૦ લાખની ગ્રેજ્યુઈટીનો લાભ, કર્મચારી-અધિકારીઓના પ્રમોશન, સ્વૈચ્છીક નિવૃતિ લેતા કર્મચારીઓને ૩૦૦ રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ, જુની પેન્શન પ્રથા શરુ કરવી, સમાન પ્રકારના કેસ માટે વારંવાર હાઈકોર્ટ સમક્ષ ન આવવા અને તે અનુસાર અમલ કરવા, સ્ટાફની ભરતી કરવી સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. મંડળના પ્રશ્નોનો ઉકેલ ઝડપી ના આવતા આગામી સમયથી મંડળ દ્વારા આંદોલનની રૂપરેખા તૈયાર કરી હતી.

પરંતુ તાજેતરમાં મળેલી બેઠકમાં સરકારે હકારાત્મક અભિગમ દાખવતા મંડળે તા.૧-૮-૧૯ સુધી આંદોલન સ્થગીત રાખવાનો નિર્ણય કર્યો છે તેમ મંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ જણાવ્યું છે.








## ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર શહેરમાં હોમગાર્ડઝ યુનિટ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં હોમગાર્ડઝ યુનિટના જવાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. સવારથી સાંજ સુધીના કાર્યક્રમમાં અધિકારી-કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે સારી કામગીરી બદલ હોમગાર્ડના જવાનોને સ્મૃતિ ચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે હોમગાર્ડના જવાનોના દિકરા દિકરીઓને અભ્યાસમાં સારા માર્ક મેળવી ઉર્તીણ થયા હોય તેમને પણ પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**

Ramkrishna Paramhans Education Complex, Nr. Mahatma Mandir "KH"-5, Sectro 15, Gandhinagar. Phone - : 079-23243733.

### ભાવ પત્રક મેળવવા અંગે

આઈ.આઈ.ટી.ઈ.ગાંધીનગરનાં વાહનોમાં ટાયરો નવા નાખવા સાથેની કામગીરી માટે ભાવો આમંત્રિત કરવામાં આવે છે. ભાવ પત્રક અંગેની વિગતો તેમજ ભાવો મોકલવા અંગેની વિગતો આઈ.આઈ.ટી.ઈ.ની વેબસાઈટ www.iite.ac.in પરથી જોવાની રહેશે, ભાવ પત્રક અંગેની વિગત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે. તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૨૦/૦૬/૨૦૧૯ સુધીમાં ભરીને પહોચાડવાના રહેશે.

**સ્થળ : ગાંધીનગર** — **કા.કુલસચિવ**

**તારીખ : ૧૪/૦૬/૨૦૧૯** — **આઈ.આઈ.ટી.ઈ.**

# પેથાપુરમાં પરિણિતાનો સળગી જઈને આપઘાત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુરમાં ગત રાત્રીના સુમારે એક પરિણિતાએ સળગીને આપઘાત કરી લીધો છે. પેથાપુરની સોસાયટીમાં રહેતા ૩૮ વર્ષિય મહિલાએ રાત્રીના પોણા દશ વાગ્યાના અરસામાં ઘરના બીજા માળે કેરોસીન છાંટીને દિવાસળી ચાંપી દીધી હતી.

હોહા થતા ઘરના સભ્યો અને આસપાસના નાગરીકો આવી પહોંચ્યા હતા અને આગને કાબુમાં લીધી હતી. ઘરમાં ત્રણ દિકરીઓ નીચે સુઈ રહી હતી તે સમયે સુશીલાબેને ઘરના બીજા માળે જઈ આ પગલુ ભર્યું હતું. દાઝી ગયેલ પરિણિતાને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાઈ હતી. જયા ફરજ પરના ડોકટર તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મૃતક સુશીલાબેનના પતિ જગદીશભાઈ ડાભી વિકલાંગ છે અને જીઈબીમાં નોકરી કરે છે. તેમના પતિ ઘરની સામે આવેલા ગલ્લા પાસે બેસવા ગયા હતા. ત્યારે ૧૦ વર્ષની દિકરી અને તેનાથી નાની તેમજ એક ત્રણ વર્ષની દિકરીના માથેથી માતાનો મમતાનો હાથ છુટી ગયો છે. ઘટના અંગે જાણ થતા પેથાપુર પોલીસે મૃતદેહનું પીએમ કરાવીને અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે મૃતક સુશીલાબેનનું પિયર મહારાષ્ટ્રમાં હોવાથી પિયરપક્ષના પરિવારના સભ્યો અંતિમક્રિયા કરવાની હોવાથી હાલ તેમના મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં મુકવામાં આવ્યો છે. જયારે પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પરિણિતા માનસિક રીતે થોડા ડિસ્ટર્બ હતા જેની દવાઓ પણ ચાલતી હતી માતાના મોતને પગલે હવે પિતા પર ત્રણ દિકરીઓની જવાબદારી આવી ગઈ છે.

SWARNIM GUJARAT SPORTS UNIVERSITY

**સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી**

કોમર્સ કોલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર - ૩૮૨૦૧૬

### હોસ્ટેલ માટેની દરખાસ્ત મોકલવાની જાહેર વિજ્ઞપ્તિ

રજીસ્ટ્રારશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, કોમર્સ કોલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૦૭૯-૨૩૨ ૮૮૩૬૪)ની કચેરીએથી યુનિવર્સિટી કેમ્પસની આસપાસ ૩૦ વિદ્યાર્થી અને ૨૦ વિદ્યાર્થીનીઓને સવારે ચા-નાસ્તો, બપોરે અને સાંજે જમવા ઉપરાંત પલંગ, ગાદલા, રજાઈ, એક રૂમમાં વધુમાં વધુ ત્રણ વિદ્યાર્થી / વિદ્યાર્થીની રહી શકે તેવા રૂમને એટેચ ટોયલેટ- બાથરૂમ અને વાંચવા - લખવા માટે ટેબલ-ખુરશીની સુવિધાના રૂમોવાળી હોસ્ટેલ માટે, આવા પ્રકારનો વ્યવસાય કરતા અનુભવી ઈસમો / એજન્સીઓ / સંસ્થાઓ અથવા આવા પ્રકારની રૂમોની સુવિધા ધરાવતા મકાન માલિકો પાસેથી રહેવા જમવાની સુવિધા સાથે પ્રતિ વિદ્યાર્થી / વિદ્યાર્થીની દીઠ ખર્ચના લેવાના માસિક ભાવ / શરતો સહિતની વિગતવાર દરખાસ્ત તા. ૨૮/૬/૨૦૧૯ સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે સીલબંધ કવરમાં માત્ર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી માંગવામાં આવે છે. ત્યારબાદ દરખાસ્ત / ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહિ. સદરહુ દરખાસ્તની વધુ વિગતો અને જરૂરી ડૉક્યુમેન્ટ માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની વેબસાઈટ http://sgsu.gujarat.gov.in જોઈ લીધા બાદ રસ ધરાવતા ઈસમો / એજન્સીઓ / સંસ્થાઓ / મકાન માલિકોએ પોતાની દરખાસ્ત / ભાવપત્રક મોકલી આપવાના રહેશે.

આવેલ દરખાસ્ત પૈકી કોઈપણ એક કે બધી જ દરખાસ્ત રદ કરવા કે સ્વીકારવાનો હક્ક અત્રેની કચેરીને અબાધિત રહેશે જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૨૦/૨૦૧૮-૧૯**

કાર્યપાલક ઈજનેરશ્રી, અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા ડીપોઝીટ વર્કની યોજના હેઠળ માલપુર તાલુકાનું કામ જેની અંદાજીત કિંમત ૧૨૭.૮૬ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૭/૬/૨૦૧૯ થી ૨૬/૬/૨૦૧૯ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/હિંમત/૭૩/૧૯